

## (C - 75)

## દેખ્યા દેખ્યા બાહુબલી

(રાગ–આવો! આવો! સીમંધર જિનરાજજી રે)

દેખ્યા દેખ્યા બાહુબલી મુનિરાજને રે, બાહુ૦
દેખ્યા દેખ્યા ઋષભનંદન મુનિરાજને રે, ઋષભ૦
મુનિવર મહિમાથી વાંછિત કારજ પામીએ.

મનહર મુદ્રા સોહે બાહુબલીદેવની રે, સોહે૦
તુજ દર્શનથી અંતર અમ ઊછળી રહ્યાં,

બાર બાર માસની તપશ્ચર્યા આદરી રે, તપ૦
આવી ઊભા વન-જંગલ ઘનઘોરમાં.

નિશ્ચળ ઊભા મુનિવર આતમધ્યાનમાં રે, મુનિ૦
વેલડિયું વીંટાણી આખા દેહમાં.

ભરતચક્રી ત્યાં મુનિવરદર્શન સંચર્યા રે, મુનિ૦
ભક્તિભાવથી બાહુબલી-પદ પૂજિયા,

બાહુબલીજી શ્રેણી–આરોહણ આદર્યા રે, શ્રેણી૦
કેવળલક્ષ્મી ક્ષણમાં મુનિવર પામિયા.



શ્રી બાહુબલી ભગવાન ગોમટેશ્વર

પૂર્ણચતુષ્ટય બાહુબલીજિન શોભતા રે, બાહુ૦
અનંત ગુણ–આનંદ મુનિવર પામિયા.

અનંત જ્ઞાને બાહુબલીજિન સોહતા રે, બાહુ૦
અનુપમ શાશ્વત પૂર્ણાનંદને પામિયા.

દૈવી મુદ્રા બાહુબલીની દીપતી રે, બાહુ ૦
ચૈતન્યદેવની દિવ્યતા દર્શાવતી.

મુનિવરમુદ્રા જિનમુદ્રા સમ જાણીએ રે, જિન૦
અપૂર્વ શાંતિ ઉપશમરસ વરસી રહ્યા.

મુનિવરસેવા મહાભાગ્યેથી પામીએ રે, મહા૦
ભવ્યોને અહો! ભવથી પાર ઉતારતી.

મુનિવરસેવા કલ્પવૃક્ષ–ચિંતામણિ રે, કલ્પ૦
સેવકને અહો! મનવાંછિત ફળ આપતી.

મહાભાગ્ય અમ—ગુરુજી યાત્રા પધારિયા રે, ગુરુજી૦
ગુરુજી સાથે મુનિવરદર્શન પામિયા.

ગુરુજી–પ્રતાપે આનંદરસ વરસી રહ્યા રે,
દેવ–ગુરુજી નિત્ય રહો મનમંદિરે....દેખ્યા. દેખ્યા૦